## પ્રકરણ (૨)

## શબ્દ વિધાન

નાટ્યના આધારભૂત તત્ત્વ વાચિકાભિનયની પ્રસ્તુતિ વાણી ધ્વારાજ થાય છે. વાણીની ઉત્પત્તિ નાદમાંથી થાય છે. જ્યારે શરીરમાં સ્થિત વાયુ ક્રમશ:હૃદય, કંઠ, શીર્ષમાંથી થઇ મુખ ધ્વારા ધ્વનિ રુપે પ્રગટ થાય છે ત્યારે તે નાદ કહેવાય છે. આ નાદના ત્રણ પ્રભેદ માનવામાં આવ્યા છે - મન્દ્ર, મધ્ય તથા તાર. હૃદયથી ઉત્પન્ન થનાર નાદ 'મન્દ્ર' કંઠથી ઉત્પન્ન થનાર 'મધ્ય' તથા શીર્ષથી ઉત્પન્ન નાદ 'તાર' કહેવાય છે. નાદથી ઉદ્ભૂત વાક્તત્ત્વનો જ્યારે શબ્દમય પ્રયોગ થાય છે ત્યારે તેજ વાચિક અભિનય બની જાય છે. આ વાચિકની અંતર્ગત શબ્દનું વિવરણ આપતા ભરતમુનિએ નાટ્યશાસ્ત્રના ૧૫માં અધ્યાયમાં 'અ' થી આરંભ થનાર ૧૪ સ્વર, ક થી હ સુધીના ૩૩ વ્યંજન તથા તેના ઉચ્ચારણ સ્થાન, પ્રયત્ન, ઘોષ તથા અઘોષ વર્ણનું નિરુપણ 'પાઠયવર્ણ નિરુપણ' અંતર્ગત કર્યું છે. નાટકમાં સ્થિત પાઠયના બે પ્રકાર છે - સંસ્કૃત અને પ્રાકૃત. સંસ્કૃત પાઠય વ્યંજન, સ્વર, સન્ધિ, વિભક્તિ, નામ, આખ્યાત, ઉપસર્ગ, નિપાત, તદ્ધિત, સમાસ તથા નામ ધાતુ ધ્વારા નિર્મિત થાય છે એમ જણાવી ભરતમુનિએ શબ્દોના વિભેદ વ્યાખ્યા સહિત નિરુપ્યા છે. આ ઉપરાંત પદબંધની બે શૈલિઓ - ચૂર્ણ અને નિબધ્ધ - વિશે પણ ચર્ચા કરી છે. આ તમામનો સમાવેશ 'શબ્દવિધાન' અંતર્ગત કરી શકાય.

### પાઠયવર્ણ નિરુપણ

(શ્લોક ૮ થી ૨૦)

ભરતમુનિએ વર્ણો બે પ્રકારના કહયા છે. (૧) સ્વર તથા (૨) વ્યંજન.

### સ્વર :

ભરતમુનિના મત પ્રમાણે 'અ'કારથી આરંભ પામી 'ઔ'કારથી પૂર્ણ થતાં વર્ણો સ્વર કહેવાય છે. સ્વર ચૌદ છે. અ, આ, ઇ,ઈ, ઉ,ઊ, ઋ, ૠ, ઌ, ૡ, એ, ઐ, ઓ, ઔ.

અ થી લૃ સુધીના પહેલા દસ સ્વરો સમાન સ્વરો કહેવાય છે. આ સમાન સ્વરોમાં પહેલો સ્વર હ્રસ્વ તથા બીજો સ્વર દીર્ઘ હોય છે. આમ હ્રસ્વ સ્વરો તે અ, ઇ, ઉ, ઋ અને લૃ તથા દીર્ઘ સ્વરો તે આ, ઈ, ઊ, ૠ, લૄ. (અધ્યાય ૧૫ - શ્લોક ૮ તથા શ્લોક ૨૦)

વ્યંજન :

ભરતમુનિના મત પ્રમાણે 'ક' થી આરંભ થઇ 'હ'થી પૂર્ણ થનાર વર્ણો વ્યંજન કહેવાય છે. 'ક' થી પ્રારંભ થનાર વ્યંજન સમુહ આ પ્રમાણે છે. ક, ખ, ગ, ઘ, ઙ, - ક વર્ગ, ચ, છ, જ, ઝ, ઞ - ચ વર્ગ, ટ, ઠ, ડ, ઢ, ણ, - ટ વર્ગ, ત, થ, દ, ધ, ન - ત વર્ગ, પ, ફ, બ, ભ, મ - પ વર્ગ, ય, ર, લ, વ, - ય વર્ગ તથા શ, ષ, સ, હ. પ્રત્યેક વર્ગના પહેલા બે વર્ણ અઘોષ તથા બાકીના બધા વર્ણો સઘોષ કહેવાય છે.

(અધ્યાય ૧૫ - શ્લોક ૮ અને ૯)

ઉચ્ચારણ સ્થાન :

૧૪ સ્વર અને ૩૩ વ્યંજન - આ ૪૭ વર્ણોના આઠ ઉદ્‌ગમ સ્થળ છે. (૧) ઉર, (૨) કંઠ, (૩) શિર (૪) જિહ્વામૂલ (૫) દન્ત (૬) નાસિકા (૭) ઓષ્ઠ તથા (૮) તાલુ.

| | | | |
|---|---|---|---|
| (૧) | અ, આ, ક-વર્ગ, હ તથા અ: | કણ્ઠથી | કણ્ઠય |
| (૨) | ઇ, ઈ, ચ-વર્ગ, ય તથા શ | તાલુથી | તાલવ્ય |
| (૩) | ઋ, ટ-વર્ગ, ર તથા ષ | | મૂર્ધન્ય |
| (૪) | લૃ, લૄ, ત-વર્ગ, લ તથા સ | ઓષ્ઠથી | ઓષ્ઠય |
| (૫) | એ, ઐ | કણ્ઠ તથા તાલુથી | |
| (૬) | ઓ, ઔ | કણ્ઠ તથા ઓષ્ઠથી | |
| (૭) | વ | દન્ત તથા ઓષ્ઠથી | |

ક, ખ (અર્ધવિસર્ગ ચિહ્નયુકત, જિહ્વામૂલીય)- સંસ્કૃત ભાષાના વિશેષ ઉચ્ચારણ.

પ, ફ, (અર્ધવિસર્ગ ચિહ્નયુકત, ઉપધ્માનીય)- સંસ્કૃત ભાષાના વિશેષ ઉચ્ચારણ.

ઙ, ઞ, ણ, ન તથા મ - નાસિક્ય

કખ, ચછ, ટઠ, તથ, પફ, શષસ - અઘોષ વર્ણ

ગઘઙ, જઝઞ , ડઢણ, દધન, બભમ્, યરલવ - ઘોષ વર્ણ

ઉદ્ભવસ્થાનની દૃષ્ટિએ ક-વર્ગ કણ્ઠ્ય, ચ વર્ગ તાલવ્ય, ટ-વર્ગ મૂર્ધન્ય, ત-વર્ગ દન્ત્ય અને -પ-વર્ગ ઓષ્ઠ્ય છે. (શ્લોક ૧૦ થી ૧૮ )

આ ઉપરાંત ભરતમુનિએ સંવૃત તથા વિવૃત સ્વર, ઉષ્માણ, સ્વરિત, સવર્ણ, હ્રસ્વ-દીર્ઘ સ્વરનું વિધાન પણ બતાવ્યું છે.

વ્યંજનોના ઉચ્ચારણ સ્થાન તથા તેની પરંપરા વિગેરે સંબંધી વિશેષ વર્ણન પાણિનિ-શિક્ષા તથા પાતંજલ - મહાભાષ્યમાં જોવા મળે છે.

સ્વર અને વ્યંજનના યોગથી શબ્દ બને છે એમ જણાવી ભરતમુનિ શબ્દના વિવિધ વિભેદો આ પ્રમાણે નિરુપે છે.

શબ્દ વિભેદ

(શ્લોક ૨૧ થી ૩૫)

(૧) સંજ્ઞા (નામ- Noun )

ભરતમુનિના કથન અનુસાર સંજ્ઞા (નામ) 'સુ' આદિ વિભક્તિ પ્રત્યયો તથા તેમના દ્વારા પ્રકટ થનાર વિશેષ અર્થથી યુક્ત હોય છે. તેના પાંચ પ્રકાર હોય છે.તે (૧) ઉણાદ્યન્ત (૨) કૃદન્ત (૩) તધ્ધિતાન્ત (૪) સમાસાન્ત તથા (૫) શબ્દાનુકરણ) નામ પ્રાતિપદિકાર્થ તથા લિંગથી યુક્ત હોય છે. સંજ્ઞા સાત શ્રેણીઓ અર્થાત્ સાત વિભક્તિઓ તથા છ કારકોથી યુક્ત હોય છે. કયારેક તે સિધ્ધ વાચ્યાર્થ -' પ્રથિત' તથા કયારેક સાધ્યભૂત વાચ્યાર્થ - 'સાધ્ય' યુક્ત હોય છે. જ્યારે તે વિભિન્ન પ્રત્યયો દ્વારા યુક્ત હોય છે. ત્યારે તે નિર્દેશ, સમ્પ્રદાન, અપાદાન, પ્રભૃતિ સંજ્ઞાને સૂચિત કરે છે. જે ક્રિયાઓ , વર્તમાન તથા ભુતકાળ તેમજ તેની સમાન સમયમાં થનારા કાર્યોને બતાવનારા અર્થ સાથે સંબંધિત શબ્દ

બનાવતો હોય તે પ્રથિત અને જે કયારેક - કયારેક વ્યવસ્થિત રસમાં નિર્મિત વિભદ સંપન્ન શબ્દ બનાવતો હોય તે સાધ્ય કહેવાય છે. ( અધ્યાય ૧૫ શ્લોક ૨૩ થી ૨૫)

(૨) આખ્યાત - (ક્રિયાપદ- Verb)

ભરતમુનિના કથન અનુસાર પાંચ સો ધાતુના ૨૫ વર્ગોમાં વિભકત થનારો ક્રિયાનો સમૂહ આખ્યાત કહેવાય છે. તે પાઠય અથવા સંવાદોમાં સંજ્ઞાઓને આશ્રિત અર્થો વડે સંયુકત કરવામાં આવે છે. ( શ્લોક ૨૬)

(૩) નિપાત (Particle)

ભરતમુનિના કથન અનુસાર પ્રાદિપદિકાર્થની સાથે ધાતુ, છન્દ, નિર્વચન તથા યુકિત ધ્વારા તેના મૂલાર્થને ફેલાવવા માટે સંયુકત થઇ આવે છે અને આપ પદની સમીપ આવે છે તેથી તે નિપાત કહેવાય છે. (શ્લોક ૨૮)

(૪) ઉપસર્ગ (Preposition)

ભરતમુનિના વિધાન અનુસાર જે પોતાના અર્થો ધ્વારા પ્રાતિપાદિક અર્થ સંપન્ન ધાતુના મુળ અર્થને વિશિષ્ટાર્થ સંપન્ન બનાવે છે, તેને સંસ્કાર શાસ્ત્રમાં (વ્યાકરણશાસ્ત્રમાં) ઉપસર્ગ કહે છે. ( શ્લોક ૨૭ )

(૫) પ્રત્યય (affix)

ભરતમુનિના કથન અનુસાર જે પ્રકર્ષ, સંયોગ તથા ભાવ (સત્વ) ધ્વારા શબ્દોના આંશિક અર્થોની પૂર્તિ કરે છે તેને આ વિચારો (વિશ્વાસો-પ્રત્યય)ને વિકસિત કરવાને કારણે પ્રત્યય કહેવાય છે. (શ્લોક ૨૯) પ્રત્યયની ભરતમુનિએ વ્યાપક પરિભાષા આપી છે. અભિનવગુપ્તના કથન અનુસાર ધાતુમાં અવસ્થિત અર્થનો બોધ કરાવવામાં જે સહાયક બને તેને સામાન્યત: પ્રત્યય કહેવામાં આવે છે.

(૬) ~~તદ્ધિત~~ તદ્ધિત (Nominal affix)

ભરતમુનિના કથન અનુસાર તે શબ્દોના અર્થોને - લોપ, પ્રકૃતિ તથા પ્રત્યયના

વિભાગ અથવા સંયોગ દ્વારા વિકસિત અથવા પૂર્ણ કરે છે તથા તેના અન્ત:સ્થિત વિચાર અથવા ભાવ અભિપ્રાયને બતાવે છે તેથી તે તધ્ધિત કહેવાય છે. (શ્લોક ૩૦)

(૭) વિભક્તિ ( Case-endings )

ભરતમુનિના કથન અનુસાર એક અથવા અનેક શબ્દોના અર્થને પોતાની મૂળધાતુ, અથવા લિંગ અનુસાર વિભાગ અથવા વિભેદ કરવાને લીધે 'વિભક્તિ' કહેવાય છે. (શ્લોક ૩૧)

(૮) સન્ધિ ( euphonic combination)

ભરતમુનિના કથન અનુસાર જ્યારે પૃથક ભુત પદ, વર્ણ, અથવા સ્વર વ્યંજન પરસ્પર શબ્દ અથવા શબ્દોની સમીપ આવી મળે તો આ સંધાન અથવા જોડાણને સન્ધિ કહે છે. (શ્લોક ૩૨) અથવા બે વિશિષ્ટ સ્વરો અથવા પદોના ક્રમ પરસ્પર મળી જાય તો તેને પણ સન્ધિ સમજવી જોઇએ. (શ્લોક ૩૩)

(૯) સમાસ ( Compound words )

ભરતમુનિના કથન અનુસાર નામની વિભક્તિઓનો લોપ કરી એકાર્થક પદનો સંક્ષેપ કરી પ્રસ્તુત કરવામાં આવે તો તે તત્પુરુષ આદિ છ પ્રકારોથી યુક્ત સમાસ કહેવાય છે. ( શ્લોક ૩૪ )

'શબ્દભેદ વિવરણ' ના અંતે ભરતમુનિ જણાવે છે કે આ પ્રમાણે શબ્દશાસ્ત્રના નિયમોને ધ્યાનમાં રાખી શબ્દ રચના કરવી જોઇએ. અહીં વ્યાકરણ વિષયક કરવામાં આવેલું વિવેચન નટ કરતાં કવિને વિશેષ ઉપયોગી હોવાનું જણાય છે.

ભરતમુનિના 'શબ્દભેદ વિવરણ' ઉપરથી સિધ્ધ થાય છે કે ભરતમુનિ પૂર્વે શબ્દવિદ્યાના વૈજ્ઞાનિક અધ્યયનની પરંપરા પ્રચલિત હતી. ભરતમુનિએ જે શબ્દશાસ્ત્રનું વિવરણ આપ્યું છે તે સ્વરુપની દૃષ્ટિએ અતિ પ્રાચીન પરંપરા જોડે સામ્ય ધરાવે છે જેમાં પોતાના પુર્વકાલીન તથા સમકાલીન વૈયાકરણોની અનેક માન્યતાઓનું વિવરણ છે પણ તે સર્વ

અતિપ્રાચીન છે. શબ્દશાસ્ત્ર વિશાળ છે એટલે ભરતમુનિએ 'પાઠ્યના અભિનયાર્થ' માટે ઉપયોગી હોય એવાજ તત્વો-સ્વર, વ્યંજન, સંધિ, વિભક્તિ, નામ, આખ્યાત, ઉપસર્ગ, નિપાત તધ્ધિત-ની ચર્ચા કરી છે.

## પદબંધ

શબ્દવિધાનને અનુકુળ પદ-રચના થાય ત્યારે 'પદબંધ' બને છે. પદબંધજ કાવ્ય અથવા નાટ્ય હોય છે.

પદની વ્યાખ્યા આપતા ભરતમુનિ જણાવે છે કે વિભક્તિ જે શબ્દના અંતે સંયુક્ત કરવામાં આવે તે શબ્દને 'પદ' કહેવાય છે અર્થાત પદ એટલે વિભક્તિ પ્રત્યયયુક્ત શબ્દ. (શ્લોક ૩૬)

પદના બે પ્રકાર ભરતમુનિએ ગણાવ્યા છે. (૧) નિબધ્ધ તથા (૨) ચૂર્ણપદ. (શ્લોક ૩૬)

(૧) ચૂર્ણપદ :

ચૂર્ણપદનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જેમાં કોઇ નિશ્ચિત પ્રકારે પદોનું સંયોજન ન હોય, જેમાં અક્ષરોની સંખ્યા નિયત ન હોય તથા જે પોતાના ઉદિષ્ટ અર્થને પ્રગટ કરવા માટે અનેક વર્ણ અથવા પદોને સ્વતંત્રતાપુર્વક રચનામાં સમાવિષ્ટ કરી શકે તે 'ચૂર્ણપદ' જાણવું જોઇએ. (શ્લોક ૩૭)

(૨) નિબધ્ધ પદ :

નિબધ્ધ પદનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જેમાં પદો તથા અક્ષરોનું નિશ્ચિત ક્રમ અનુસાર ગઠન થાય, યતિ (વિચ્છેદ) સમન્વિત હોય તથા જેમાં અક્ષર સંખ્યાનું નિશ્ચિત પ્રમાણ રહે તેને 'નિબધ્ધ પદ' સમજવું જોઇએ. (શ્લોક ૩૮)

ભરતમુનિનાં વિધાનો તપાસતાં જણાય છે કે 'નિબધ્ધ' પ્રકારમાં ગુરુ, લઘુ યુક્ત અક્ષરો અથવા માત્રાઓની સંખ્યા નિયત રહે છે. જેનાથી આગળ જતાં પદ્યની અવતારણા થાય છે. 'ચૂર્ણપદ' માં અર્થની અપેક્ષાથી અક્ષરયુક્ત પદોની યોજના રાખવામાં આવે છે. તેનો પ્રયોગ અનિયત સ્વરુપવાળા સંવાદોમાં થાય છે. તેના દ્વારા 'ગદ્ય'ની અવતારણા થાય છે.

રુપકાદિ નાટ્યરચનાઓમાં સંવાદ પ્રાયઃ ગદ્ય-ચુર્ણ પદમાં રહે છે પરંતું પાત્રોના મનોભાવો અને સંવેદનાઓ ઉપરાંત તેમના સ્થાન, વાતાવરણ વિગેરે વ્યકત કરવા માટે સંવાદોમાં પદ્યો- નિબધ્ધપદની યોજના રાખવામાં આવે છે, જે ગતિ તથા લયની ચારુતા વડે સંપન્ન થાય છે.

શબ્દવિધાન અંતર્ગત ભરતમુનિએ નિરુપેલ 'પાઠયવર્ણનિરુપણ' ઉચ્ચારણક્રિયા સાથે સંકળાયેલ હોવાથી નટ માટે વિશેષ ઉપયોગી છે. વિવિધ સ્વર વ્યંજનના ઉચ્ચારણસ્થાનો નટને વિશેષ સહાયક બને છે. નાટકની ભાષામાં નિબધ્ધ પદ્યબંધ તથા ચુર્ણપદ પદ્યબંધના સંયોગથી 'ક્રિયાસભર' વિશિષ્ટ નાટ્યભાષા તૈયાર થાય છે તેનો સંકેત ભરતમુનિએ શબ્દવિધાન અંતર્ગત કર્યો છે જે નાટ્યલેખક માટે વિશેષ માર્ગદર્શક નિવડી શકે છે. શબ્દની સ્વતંત્ર વ્યાખ્યા આપવાના કે શબ્દ અને અર્થનો પારસ્પરિક સંબંધ સ્થાપિત કરી આપવાના 'કાવ્યશાસ્ત્રીય' વ્યાયામમાં પડયા વિના ભરતમુનિએ શબ્દવિધાનનું નાટ્યકળાના સંદર્ભમાં પુનઃમૂલ્યાંકન કર્યું છે એમ કહી શકાય.